આ પુસ્તકની કોઈએ આશાતના કરવી નહિ.

## સચિત્ર ઉત્તમ વાર્તા સંગ્રહ

પુસ્તક ૨

# અશોકદત્ત અને સાગરચંદ્ર

## અને બીજી વાર્તાઓ

સંયોજક :-
પૂ. પ્રવર્તક મુનિ શ્રી નિરંજનવિજયજી મ.

(૧) અશોકદત્ત અને સાગરચંદ્રની વાર્તા
(૨) નાગિલ અને નાગિલાની વાર્તા
(૩) ગોત્રાસની વાર્તા
(૪) શિવકુમારની વાર્તા
(૫) વેશ ભજવી જાણ્યો વાર્તા

આ પાંચ વાર્તાઓ અવશ્ય વાંચો

વિ. સ. ૨૦૩૯ કિં. રૂા. ૨-૦૦

# જીવન ઘડતરનું ભાથું

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે બાળકો વાર્તાપ્રિય હોય છે, પણ એ વાત હકીકતમાં એક તરફી છે. અર્થાત્ બાળકો વાર્તાપ્રિય હોય છે અને બીજા નથી હોતા એમ નથી.

વાર્તાપ્રિયતા પ્રાય: જનમાત્રમાં જોવામાં આવે છે, બાળકોને ઉપયોગી વાર્તાઓ વડેરાઓ પણ રસપૂર્વક વાંચતા હોય છે એટલે જ વિશ્વમાં સર્વથી વધારે વિકાસ કોઈ સાહિત્યનો થયો હોય તો તે કથા–વાર્તા સાહિત્યનો છે.

વાર્તા સાહિત્યમાં આત્મલક્ષી એટલે આત્માના હિતને સમજાવતું સાહિત્ય ખૂબ અગત્યનું છે એ સાહિત્ય જેમ જેમ વાંચનમાં વિશેષ આવે તેમ તેમ જીવન ઘડતરમાં કથા–વાર્તાની આવશ્યકતા છે તે તે કથામાંથી નીકળતો સાર જેમ બને તેમ વધુ ગ્રહણ કરવામાં આવે તો સારી રીતે પૂરી પાડે છે.

—પૂજ્ય આચાર્ય શ્રી વિજય ધર્મ ધુરંધરસૂરિજી મ.

---


શ્રી ખાન્તિ–નિરંજન–ઉત્તમ જૈન જ્ઞાન મંદિર
તરફથી
**સચિત્ર ઉત્તમ વાર્તા સંગ્રહ**
ના દસ પુસ્તકો જુદા જુદા બહાર પડયા છે
તે સહુને વાંચવા–વિચારવા જેવા છે.

—પ્રકાશક.



# સચિત્ર ઉત્તમ વાર્તા સંગ્રહ પુ. ૨

# અશોકદત્ત અને સાગરચન્દ્ર અને બીજી વાર્તાઓ

સંયોજક—
શાસનપ્રભાવક, મરૂધર રત્ન, નિડર વક્તા, સાહિત્યાચાર્ય
પ. પૂ. પ્રવર્તક મુનિશ્રી નિરંજન વિજયજી મ. સા.

(૧) માયાકપટ દર્શક અશોકચન્દ્ર અને સાગરચન્દ્રની વાર્તા
(૨) સંતોષધન ઉપર નાગિલ અને નાગિલા વાર્તા.
(૩) જીવહિંસા ઉપર ગોત્રાસની વાર્તા.
(૪) શિવકુમારની વાર્તા.
(૫) વેશ ભજવી જાણ્યો વાર્તા પ્રસંગ.

પ્રકાશક :—
શ્રી ખાન્તિ-નિરંજન-ઉત્તમ જૈન જ્ઞાન મંદિર
ઠે. શેખનો પાડો, ઝવેરીવાડ સામે, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
(કિંમત ૨-૦૦)

# બે બોલ

આજના જડવાદના ઝેરી જમાનામાં અશ્લીલ સાહિત્ય થોકબંધ ચોરે અને ચૌટે પ્રાપ્ત થાય છે. પરિણામે ‘દુલભં માનુષં જન્મ’– દુર્લભ મનુષ્ય જન્મ હારી જાય છે. જેના વાંચનથી ઈન્દ્રિયો વિકાર તરફ દોડે છે. એટલું જ નહિ પરન્તુ અનંત શકિતનો સ્વામી આત્મા કષાયોના કારમા પંજામાં અને વિષયોના વમલમાં ફસાઇ જાય છે.

મોટા–નાના સહુ ધર્મકથાઓનું ઉત્તમ સાહિત્ય વાંચે, વિચારે અને અંતરાત્મામાં ધર્મ ભાવનો દીવડો પ્રગટાવે તે સુભાશયથી અમે યત્કીંચિત પ્રયત્નમાં સફલ થઈએ.

પૂજ્ય સાહિત્યપ્રેમી પ્રવર્તક મુનિરાજ શ્રી નિરંજન વિજયજીનો જીવન પ્રવાહ, આજની પ્રજા માટે આ ધર્મ-કથાનુયોગ પ્રશંસનીય સાહિત્યના પ્રકાશન અંગે સતત પુરૂષાર્થથી ઓતપ્રોત બનેલ છે. તે ઘણું આવકારદાયક છે.

અમારા અનેક પ્રકાશનો સમાજે આવકાર્યા છે. તેવી રીતે આ નવા પ્રકાશનોને પણ સમાજને પ્રેરણાદાયિ બનો એજ.

આ પ્રકાશનમાં શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખાયું કે છપાયું હોય તેની ત્રિવિધે ક્ષમા યાચના.

પ્રકાશક :

શ્રી ખાન્તિ–નિરંજન–જૈન જ્ઞાનમંદિર

ટ્રસ્ટના વતી મે.

તા. ૧-૧-૮૩ જયેન્દ્ર આર. શાહ

## ભાવિ પેઢીના આપણા વ્હાલા સંતાનોને
## જૈનત્વના સંસ્કારો માટે
## નિચેના પ્રકાશનો મંગાવો અને વાંચો-વંચાવો!

### શ્રી નેમિ-અમૃત-ખાન્તિ-નિરંજન ગ્રંથમાળાના
### સચિત્ર પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | નામ | રૂા. પૈ. |
|---|---|---|
| ૧ | મયણા અને શ્રીપાલ ૧૪૪ ચિત્રો સાથે<br>બે ભાગમાં ૬૦૦ પાના ડેમી સાઈઝમાં | ૨૫-૦૦ |
| ૨ | ગુજરાતી ગૌતમ પૃચ્છા ગુજરાતી સચિત્ર | ૧૫-૦૦ |
| ૩ | પાંચ પાંડવોને પ્રતિબોધ સચિત્ર | ૧-૦૦ |
| ૪ | જ્ઞાન પંચમીનો મહિમા સચિત્ર | ૧-૫૦ |
| ૫ | મૌન એકાદશીનો મહિમા સચિત્ર | ૧-૫૦ |
| ૬ | સુપાત્રદાનનો મહિમા સચિત્ર | ૧-૫૦ |
| ૭ | શ્રી રોહિણી તપનો મહિમા સચિત્ર | ૧-૫૦ |
| ૮ | શ્રી મંગલ કલશ સચિત્ર | ૧-૫૦ |
| ૯ | શ્રી પુણિયો શ્રાવક સચિત્ર | ૧-૦૦ |
| ૧૦ | ચિત્રસેન પદ્માવતી | ૩-૦૦ |
| ૧૧ | અલબેલો શ્રી નવકાર સચિત્ર | ૫-૦૦ |
| ૧૨ | સતિ સુલસા સચિત્ર | ૫-૦૦ |
| ૧૩ | મહારાજા પ્રિયંકર સચિત્ર | ૬-૫૦ |
| ૧૪ | ત્રણ કથા રત્નો સચિત્ર | ૬-૫૦ |
| ૧૫ | ઉત્તમ કથા સુવાસ સચિત્ર | ૭-૫૦ |

| | | |
|---|---|---|
| ૧૬ | સત્ત્વમૂર્તિ શ્રીપાળ ભાગ ૧–૨ | ૧૦–૦૦ |
| ૧૭ | વિધિ સહિત દેવવંદનમાલા પાકું પુઠું | ૮–૦૦ |
| ૧૮ | સામાયિકનો મહિમા સચિત્ર | ૦–૮૦ |
| ૧૯ | કઠિયારા મુનિવર સચિત્ર | ૦–૮૦ |
| ૨૦ | હેમુ–વિક્રમાદિત્ય સચિત્ર | ૦–૮૦ |

( પોસ્ટેજ અલગ )

૧ : પ્રાપ્તિ સ્થાન :

**શ્રી ખાન્તિ–નિરંજન–ઉત્તમ જૈન જ્ઞાન મંદિર**

ઠે. શેખનો પાડો, ઝવેરીવાડ સામે, રીલીફ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧.

૨
**શ્રી જયેન્દ્રભાઇ આર. શાહ**
૧૯૯૦, નાગજી ભુદરની પોળ,
માંડવીની પોળમાં, માણેકચોક,
અમદાવાદ–૧.

૩
**મોતીલાલ બી. શાહ**
રતનપોળ, ફતેહભાઈ હવેલી,
અમદાવાદ–૧.

અમારા પ્રકાશનો, મુંબઈ, અમદાવાદ, શંખેશ્વર અને પાલિતાણા વગેરે સ્થળે જૈન બુક સેલરોને ત્યાં પણ મળશે.

મુદ્રક : મોડર્ન પ્રિન્ટર્સ, ગોલલીમડા, નાડીયાવાડ, જમાલપુર, અમદાવાદ.

# સચિત્ર ઉત્તમ વાર્તા સંગ્રહ

## વાર્તા—પહેલી

અશોકદત્ત તથા સાગરચંદ્રની વાર્તા—

જંબુદ્વીપના મધ્ય ભાગમાં મહાવિદેહ ક્ષેત્રમાં અપરાજિત નામે મનોહર નગરી છે. ત્યાં ઈશાનચંદ્ર નામે રાજા રાજ્ય કરે છે, તે નગરમાં ચંદનદાસ નામે એક શેઠ રહે છે. આ શેઠને સાગરચંદ્ર નામનો વિનીત પુત્ર છે. તે ઉત્તમ ગુણોવાળો સરળ સ્વભાવ વાળો અને સદાચારી છે. સાગરચન્દ્રને અશોકદત્ત નામનો એક મિત્ર હતો. તેના ઉપર સાગરચંદ્રનો નિર્મળ સ્નેહ હતો. પરંતુ અશોકદત્ત માયાવી અને કપટી હોવાથી તેનો સાગરચંદ્ર ઉપર ઉપરનો દેખાવ પુરતો સ્નેહ હતો.

એકવાર વસન્ત ઋતુ આવી. તે વખતે ઇશાન-ચન્દ્ર મહારાજા સપરિવાર સાથે વસંત ઉત્સવ ઉજવવા નગર બહાર જવાનો વિચાર કર્યો અને "સર્વ પ્રજા-

જનોને પણ વસન્ત મહોત્સવ ઉજવવા માટે ભાતુ લઈ નગરી બહાર ઉદ્યાનમાં આવવું" આ પ્રમાણે આખીય નગરીમાં ઢંઢેરો પીટાવ્યો. ઢ ઢેરો સાંભળીને નગરીના પ્રજાજનો ઉત્સાહ સહિત સૌ મળીને પોત પોતાના પરિવાર સાથે ઉદ્યાનમાં આવ્યા, અને વનમાં તે વખતે ઘણાં વૃક્ષો તથા લતાઓ નવા પાંદડાઓ અને પુષ્પોથી શોભી રહ્યાં હતાં. નગરના લોકો પણ વનમાં ક્રીડા કરવાને પોતપોતાની ઇચ્છા મુજબ ફરવા લાગ્યાં. સાગરચંદ્ર અને અશોકદત્ત એ બંને મિત્રો પણ તે પ્રસંગે વનમાં આવ્યા હતા. પોતાના પરિવાર સાથે રાજા ત્યાં અનેક પ્રકારના આનંદ-વિનોદ કરે છે. નગરના લોકો પણ પોતપોતાની ઇચ્છા મુજબ વસંતોત્સવ ઉજવવામાં લીન થઈ ગયા છે.

સાગરચંદ્ર વસંતની શોભા જોતો વનમાં ફરી રહ્યો છે. તેવામાં 'મારૂં રક્ષણ કરો, રક્ષણ કરો' એવો મદદ માગતો કોઇનો કરૂણ શબ્દ દૂરથી સંભળાયો. તે સાંભળી રક્ષણ કરવાના આશયથી સાગરચંદ્ર પોતાનું ખડ્ગ લઇને શબ્દની દિશા તરફ એકલો ચાલી નીકળ્યો. ત્યાં પહોંચ્યો ત્યારે સાગરચંદ્ર એક સ્વરૂપવતી કન્યાને મદદ માટે બૂમો પાડતી અને કેટલાક ચોરોથી ઘેરાયેલી જોઈ. ચોરો તેને પકડીને ઉપાડી જવા માગતા હતા.

સાગરચંદ્ર પોતાના ખડ્ગ સાથે એકદમ તેમના ઉપર ધસી ગયો. ચોરો આ અચાનક હુમલાથી ગભરાઇને કન્યાને છોડી નાસી ગયા. તે કન્યા પોતાના રક્ષણ કરનાર તરફ આભાર પૂર્ણ દૃષ્ટિથી જોઇ રહી.



સાગરચંદ્ર પૂછ્યું : "તમે કોણ છો ? એ લોકો તમને શા માટે પકડી જતા હતા ?"

(સાગરચંદ્રનો પ્રિયદર્શના આભાર માને છે.)

કન્યાએ કહ્યું : "આ નગરમાં પુર્ણભદ્ર નામના શેઠ છે, તેમની હું પ્રિયદર્શના નામની પુત્રી છું. હું આ વનનું સૌંદર્ય જોતી અહીં ફરતી હતી, તેવામાં મને એકલી જોઈને એ ચોરો પકડીને લઈ જતા હતા, તેથી મદદ માટે બૂમો પાડતી હતી. તમે આવીને મને છોડાવી, તે માટે હું તમારો આભાર માનું છું."

સાગરચંદ્રે કહ્યું : "અબળાનું ભયમાંથી રક્ષણ કરવું તે પુરૂષની ફરજ છે, મેં મારી ફરજ બજાવવા

ઉપરાંત મેં કાંઈ કર્યું નથી. હવે તમે કહો તો હું તમને તમારા પિતા પાસે મૂકી જાઉં."

કન્યાએ સાગરચંદ્રને જોયો ત્યારથી તેનું મન તેના તરફ ખેંચાયું હતું. સાગરચંદ્ર પણ તે કન્યાને જોઇને તેના તરફ આકર્ષાયો હતો.

કન્યાએ લજ્જાપૂર્વક કહ્યું : "તમે મને મુખ્ય માર્ગે મૂકી જાઓ એટલે હું ત્યાંથી મારા સ્થાને ચાલી જઈશ." કુમારે પણ તે પ્રમાણે કર્યું.

સંધ્યાકાળ થતાં સાગરચંદ્ર વગેરે પોતપોતાને ઘેર આવ્યા. કેટલોક સમય વીત્યા પછી એકવાર ચંદનદાસ શેઠે સાગરચંદ્રને કહ્યું : "હે પુત્ર! તું અશોકચંદ્રની સોબત મૂકી દે, કારણ કે તે કપટી છે માટે કોઈવાર તને સંકટમાં મૂકી દેશે."

સાગરચંદ્રે કહ્યું : "હે પિતાજી! આ બાબતમાં તમે કાંઈ ચિંતા કરશો નહિ, હું લજાવું પડે તેવું કોઇ કાર્ય કરીશ નહિ." આથી પિતા ખુશી થયા.

પ્રિયદર્શનાએ ઘેર જઇ પોતાના પિતા પૂર્ણભદ્ર શેઠને ચોરો તેનું હરણ કરી જતા હતા, તે વખતે એકલા સાગરચંદ્રે આવી તેનું કેવી રીતે રક્ષણ કર્યું તે હકીકત જણાવી.

થોડા દિવસો પછી પુર્ણભદ્ર શેઠે મનમાં વિચાર્યું કે, સાગરચંદ્ર પોતાનો પરમ ઉપકારી છે તેમજ

પ્રિયદર્શનાને યોગ્ય પતિ છે એમ જાણીને ચંદનદાસ શેઠને મળી વાતચીત કરી યોગ્ય નિર્ણય પૂર્વક પૂર્ણભદ્ર શેઠે સાગરચંદ્રને પોતાની પુત્રી મોટા ઉત્સાહ પૂર્વક તેની સાથે પરણાવી. પતિ-પત્નિ બન્ને યથા શક્તિ ધર્મ ધ્યાન કરતા. સાગરચંદ્ર અને પ્રિયદર્શના પણ સુખ પૂર્વક કાળ પસાર કરવા લાગ્યાં.

અશોકચંદ્ર જ્યારે પ્રિયદર્શનાને જોઈ ત્યારે તે તેના તરફ રાગવાળો થયો હતો. એકવાર સાગરચંદ્ર કોઈ કામ પ્રસંગ પર ગામ ગયો હતો, તે વખતે લાગ મળવાથી અશોકચંદ્ર કપટ કરીને પ્રિયદર્શના પાસે આવ્યો. પ્રિયદર્શનાનાં વખાણ કરી તેણે તેની પાસે અયોગ્ય માંગણી કરી, આ સાંભળી પ્રિયદર્શનાએ તેનો તિરસ્કાર કરી, તેને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો. પોતાની ઇચ્છા નહિ ફળવાથી પ્રિયદંશના ઉપર કોપેલો તે ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રિયદર્શનાએ તિરસ્કારી કાઢવાથી નિરાશ થયેલો અશોકદત્ત આનો બદલો લેવાનો વિચાર કરતો ચાલ્યો જતો હતો, તેવામાં બહારગામથી આવતો સાગરચંદ્ર તેને રસ્તામાં મળ્યો. સાગરચંદ્રે તેને કુશળ સમાચાર પૂછ્યા, ત્યારે પ્રિયદર્શનાને દુઃખી કરવાના ઈરાદાથી અશોકદત્તે કહ્યું: "હે મિત્ર! છે તો કુશળ પણ...."

સાગરચંદ્રે કહ્યું: "હે મિત્ર! તું 'પણ' કહીને કેમ અટકી ગયો? તારે જે કહેવાનું હોય તે કહે."

અશોકદત્તે કહ્યું: "હે મિત્ર! મને તારી આગળ વાત કહેતાં શરમ આવે છે, માટે હું બોલતાં અચકાઉં છું." સાગરચંદ્રે કહ્યું: "મારી આગળ વાત કહેતાં શરમાવાનું કારણ નથી, માટે તારે જે કહેવું હોય તે કહે." આથી અશોકદત્ત કહ્યું: "હું પ્રિયદર્શનાની ખબર લેવા તમારા ઘેર ગયો ત્યારે તેણે મારી પાસે અયોગ્ય માંગણી કરી, પરંતુ તે વાતને નહિ ગણકારતો હું તરત જ ત્યાંથી નીકળી ગયો."

માયાવી માનવી તો પોતાનો દોષ પણ બીજા ઉપર ઢોળી દેતાં અચકાતો નથી, ઉલટું કપટથી એવી રીતે વાત કરે છે, જો સામો માણસ સમજુ ન હોય તો તે દુઃખી થાય છે અને બીજાને પણ દુઃખમાં નાખે છે.

અશોકદત્તનું પોતાની સ્ત્રી વિષેનું કહેવું સાંભળ્યા છતાં સાગરચંદ્ર તે વાત સાચી માની નહિ, કારણ કે તે અશોકદત્તને સારી રીતે ઓળખતો હતો. તેમજ પોતાની પત્નીના સદાચારની પણ તેને પુરેપુરી ખાતરી હતી.

સાગરચંદ્ર ઘેર આવ્યો ત્યારે પ્રિયદર્શનાએ તેની આગળ અશોકદત્તનો સર્વ વૃત્તાન્ત જણાવ્યો.


તે સાંભળીને તેને ખાતરી થઈ કે પોતાની પત્ની ખરેખર શીલવતી સતી છે. ત્યારપછી તે બંનેનો ઘણો કાળ ધર્મકાર્ય વગેરેમાં આનંદથી પસાર થવા લાગ્યો.

અનુક્રમે તે દંપતી ચોથી વૃદ્ધાવસ્થામાં આવ્યા. ત્યારે તેમણે પોતાનું ઘણું ધન સાત ક્ષેત્રમાં વાપર્યું અને બંને જણાં પોતાનું આયુષ્ય પૂર્ણ થયું ત્યારે મરીને દક્ષિણ ભરતાર્ધમાં ગંગા અને સિંધુ નદીના મધ્યપ્રદેશમાં યુગલિયાપણે ઉત્પન્ન થયાં, તે વખતે અહીં ત્રીજા આરાનો અંતભાગ ચાલતો હતો.

તે બંને યુગલિક દંપતીનો એકબીજા ઉપર અત્યંત સ્નેહ હતો. તેમનું આયુષ્ય એક પલ્યોપમના આઠમા ભાગ જેટલું અને શરીર નવસો ધનુષ્ય જેટલું હતું. ત્યાં કલ્પવૃક્ષો તેમને ઇચ્છેલી વસ્તુઓ આપતા હતા.

આ વખતે યુગલિક કાળ પુરો થવાને થોડીજ વાર હતી. અહીં સાગરચંદ્રનો જીવ વિમલવાહન નામે કુલકર થયા છે અને પ્રિયદર્શનાનો જીવ તે વિમલ વાહનની પત્ની થયેલ છે. સાગરચંદ્ર તથા પ્રિય દર્શનના ભવમાં બંને ભદ્રક પરિણામી અને અલ્પ કષાયવાળાં હતાં. તેથી તેઓ બંને યુગલિક મનુષ્ય રૂપે થયાં.

હવે તે માયાવી અશોકદત્ત પણ પોતાનું આયુષ્ય પુરું કરીને મરણ પામ્યો અને જ્યાં વિમલવાહન કુલકર ઉત્પન્ન થયા, તેજ વનમાં ચાર દાંતવાળો ધોળા હાથીરૂપે ઉત્પન્ન થયો. પૂર્વભવમાં કપટવાળો અને માયાવી હોવાથી તે તિર્યંચ–પશુપણે ઉત્પન્ન થયો.



(ધોળા હાથી ઉપર બેઠેલો યુગલિક તેને જોઈને બીજા યુગલિકો નવાઈ પામે છે.)

તે ધોળો હાથી વનમાં ફરવા લાગ્યો. એક વખતે તે હાથીએ વનમાં ફરતા ફરતા વિમલવાહનને જોવાથી પૂર્વભવના સ્નેહના કારણે જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી વિમલવાહનની ઇચ્છા ન હોવા છતાં પણ તેને પોતાની સૂંઢથી ઉપાડીને પોતાના ખભા ઉપર બેસાડીને ફરવા લાગ્યો.

અત્યાર સુધી યુગલિયાઓએ હાથી કે અન્ય કોઈ પશુ ઉપર સવારી કરી ન હતી. તેથી આ દશ્ય યુગલિયાઓને નવાઈભર્યું લાગ્યું, આથી તેઓ અંદરો અંદર ચર્ચા કરવા લાગ્યા. અને ધોળા હાથી ઉપર હોવાથી યુગલિયાઓ તે યુગલિકને 'વિમલવાહન' વિમલ એટલે ધોળું છે વાહન જેનું આવા નામથી બોલાવવા લાગ્યા. હાથી ઉપર બેઠેલા તે વિમલવાહનને સૌ પોતાનાથી શ્રેષ્ઠ માનવા લાગ્યા. કલ્પવૃક્ષોને માટે પરસ્પર ઝઘડા થતા હોવાથી તેનાથી કંટાળેલા યુગલિયાએ વિમલવાહન પાસે આવીને પોતાની ફરિયાદ રજુ કરવા લાગ્યા. વિમલવાહને પણ જેમ કુટુંબમાં વૃદ્ધ પુરુષ ભાગ પાડી આપે તેમ યુગલિયાઓને કલ્પવૃક્ષની યોગ્ય રીતે સમજાવીને વહેંચી આપતાં.

એક વખત સૌએ મળીને તેને અધિપતિ બનાવ્યો. વિમલવાહનને હાથી ઉપર બેસાડયો, ત્યારે તેને જાતિ સ્મરણજ્ઞાન થયેલું હોવાથી પૂર્વભવમાં અનુભવેલ નીતિઓનું સ્મરણ થયું હતું. જેથી નીતિનો તે બહુ સારો જાણકાર થયો. જ્યારે જ્યારે યુગલિયાઓમાં કલ્પવૃક્ષ માટે ઝઘડાઓ થતા, ત્યારે ત્યારે સૌને સમજાવીને વિમલવાહન કામ લેતો. આ પ્રમાણેની મર્યાદાને ઓળંગનાર માટે વિમલવાહનને દંડ તરીકે 'હા'કારની નીતિ નક્કી કરી.

કોઈ યુગલિક મનુષ્ય પરસ્પર ઝગડતા, જ્યારે વિમલવાહન પાસે આવતાં ત્યારે 'હા' તમે શું કર્યું ? આટલા શબ્દો બોલતા, યુગલિયાઓ આટલા શબ્દોથી પોતાને દંડ થયો સમજતા.

તે કાળના યુગલિયાઓ હજુ ઘણા સરળ અને ભોળા સ્વભાવના હતા તેથી કેટલોક કાળ તેઓ આ મર્યાદામાં રહ્યા, તેમાં કોઇને 'હા'કાર દંડ થતો તો એને માર્યા જેટલું દુઃખ થતું. ફરીથી તે પ્રમાણે ના થાય તેની તે સદા સાવચેતી રાખતા. આ 'હા'કાર નીતિને પ્રવર્તાવનાર વિમલવાહન પહેલા કુલકર કહેવાયા, ત્યારપછી ક્રમે સાત કુલકર થયા. તેમાં પ્રથમ તીર્થંકરના પિતા નાભિ રાજા સાતમા કુલકર કહેવાયા.

---


વાંચો.

# અલબેલો શ્રી નવકાર

આ પુસ્તક નવકાર મહામંત્ર બાબત સચિત્ર બોધક-છે, શ્રદ્ધાને અને મજબૂત કરશે મંગાવો.

કિંમત પાંચ રૂપિયા. (પોસ્ટેજ અલગ)


પ્રાપ્તિ સ્થાન—

**શ્રી ખાન્તિ-નિરંજન ઉત્તમ જૈન જ્ઞાન મન્દિર,**

ઠે. શેખનો પાડો, ઝવેરીવાડ સામે, રીલીફ રોડ, **અમદા.**



# વાર્તા બીજી



## નાગિલ અને નાગિલાની વાર્તા

સ્વસ્તિમતી નામે મનોહર નગરીમાં નયસાર નામે રાજા ન્યાય નીતિથી રાજ્ય કરતો હતો. નામ પ્રમાણે રાજામાં ગુણો હતા. તે નગરીમાં પદ્મ નામનો શેઠ રહેતો હતો. તે સત્ય વક્તા અને સંતોષી હતો. તેને પદ્મિની નામની પત્ની હતી. તે પદ્મિની જો કે સ્વરૂપવતી હતી. પરંતુ મુખમાં રોગવાળી, કર્કશ સ્વરવાળી, અસત્ય બોલનારી અને માયાવી હતી. પદ્મશેઠે તેનો મુખરોગ દૂર કરવાને માટે ઘણા ઉપચાર કર્યા પરંતુ તેના રોગની શાંતિ કોઈ રીતે ન થઈ. એક વખતે પદ્મિનીએ મનમાં કપટ રાખીને પોતાના પતિને કહ્યું: “તમે બીજી સ્ત્રીને પરણો.” શેઠે કહ્યું: “મારા મનમાં સંતોષ રહેલો છે, માટે તારા સિવાય બીજી સ્ત્રીની મને ઇચ્છા નથી, હવે ફરીવાર આ વાત તું મારી આગળ કરીશ નહિ.” આથી તે પદ્મિની મનમાં રાજી થઇ.

એક વાર તે પદ્મ શેઠ નગરની બહાર આવેલા રાજ્યના જૂના ઉદ્યાનમાં દેહ ચિન્તા-જંગલ જવા



માટે ગયા. તે વખતે ઘણો વરસાદ પડી ગયો હતો, કેટલી જગ્યા એ બગીચામાં ધુળ ધોવાઈ જવાથી ખાડા પડયા હતા. એક ખાડામાં એક ધનનો નિધી-ચરૂ ત્યાં ઉઘાડો થયો હતો. પદ્મ શેઠે ધનથી ભરેલ ચરૂ જોયો, છતાં ગ્રહણ કર્યો નહિ. તે શેઠ તો તે નિધાનને તે જ સ્થિતિમાં જોઈને ઘેર આવ્યા. આ વખતે કોઇ રાજપુરુષ તે ઉદ્યાનમાં આવેલો હતો. તેણે પણ તે નિધાન તથા પદ્મ શેઠને જોયા હતા. પદ્મ શેઠ તે નિધાન લીધા સિવાય ચાલ્યા ગયા ત્યારે તે રાજપુરૂષે રાજસભામાં આવી રાજાને સર્વ વાત કહી: "હે મહારાજ! આજે પદ્મ શેઠે વનમાં એક નિધાન જોયું છે, તે નિધાનને ત્યાં જ રહેવા દઇને તે પોતાને ઘેર ગયા છે; પરંતુ મને લાગે છે કે કદાચ રાત્રિએ આવીને તે નિધાનને પોતાના ઘેર લઇ જશે."


રાજાએ કહ્યું: "તું તે બાગમાં જા, અને સાવધાન રહીને તપાસ રાખ કે શેઠ રાત્રે આવીને શું કરે છે? પછી આવીને મને સર્વ હકીકત જણાવજે." જેવી આપની આજ્ઞા.' એમ કહીને તે રાજપુરૂષ આવીને બાગમાં છુપાઇ ગયો.

સમય આગળ વધ્યો ને તે રાજપુરૂષ વનમાં પદ્મ શેઠના આવવાની રાહ જોવા લાગ્યો. રાત્રિ પસાર થવા લાગી, પરંતુ પદ્મ શેઠ તો, તે દિશા તરફ ન જ આવ્યા આખી રાત્રિ પૂરી થઇ ગઈ, ત્યારે તે રાજપુરૂષ નિરાશ થઇને રાજા પાસે આવીને કહેવા લાગ્યો: "મહારાજ! રાત્રિમાં પણ તે શેઠ ત્યાં આવ્યા નથી."

રાજપુરૂષનું વચન સાંભળી રાજાને ઘણો અચંબો થયો, કારણ કે તેણે આશા રાખી હતી કે તે પદ્મશેઠ નિધાન લેવાને રાત્રિએ જરૂર આવશે. રાજાને આશ્ચર્ય થયું તેથી તેનો ખુલાસો મેળવવાને પદ્મ શેઠને પોતાની પાસે બોલાવીને તેનું રહસ્ય પૂછયું "હે શેઠ! તમે તે નિધાન જોયું છતાં કેમ ગ્રહણ કર્યું નહિ?"

શેઠે કહ્યું: "હે મહારાજા! મારી પાસે એક અક્ષયનિધિ છે, તેથી મારે તે નિધાનની જરૂર નથી.'

'તમારી પાસે એવો કયો અક્ષયનિધિ છે કે તમે ધન ભરેલા તે નિધિને જોયા છતાં લીધો નહિ?'



"મારી પાસે 'સંતોષ' નામનો અક્ષય નિધિ હોવાથી મને બીજાકોઈ નિધિનેલેવાની ઇચ્છા થતી નથી, કારણ

(પદ્મ શેઠ અને રાજાનો વાર્તાલાપ)

કે જેની પાસે આ નિધિ છે તે પરમ સુખી છે. કહ્યું છે કે 'સંતોષી' નર સદા સુખી."

શેઠનો સંતોષ જાણીને રાજા ઘણો ખુશી થયો. શેઠને લોભ રહિત જાણીને રાજાએ શેઠને 'નગરશેઠ' બનાવ્યા. આ પ્રમાણે તે પદ્મ શેઠ સુખે પોતાનો કાલ પસાર કરવા લાગ્યા.

એક વાર તે ઉદ્યાનમાં કોઈક શ્રુતકેવલી ભગવાન પધાર્યા. તેમને વન્દન કરવાને પદ્મ શેઠ તે વનમાં ગયા, નયસાર રાજા પણ ગુરુને વન્દન કરવા આવ્યા. ગુરૂને વંદન કરીને સૌ પોત પોતાના યોગ્ય સ્થાને બેઠા, સહુની જિજ્ઞાશા જોઇને કેવળી ભગવંતે ફરમાવ્યું કે "દરેક મનુષ્યોએ પ્રમાણિક પણે જીવન જીવવું જેથી મનુષ્ય જીવને સાર્થક થાય."

સૌ પ્રજાજન પણ એક ચિત્તે ધર્મોપદેશ સાંભળી પ્રસન્ન થયાં.

દેશનાને અન્તે પદ્મ શેઠે ઊઠીને બે હાથ જોડી વિનંતી કરીને ગુરુને પૂછ્યું : 'હે મુનિ ભગવંત ! મારામાં કયા કારણથી સન્તોષ ઉત્પન્ન થયો ? તથા આ મારી પત્ની અસ્પષ્ટ સ્વરવાળી શાથી થઇ તે કૃપા કરીને જણાવશો ?'

શેઠનો પ્રશ્ન સાંભળી ગુરુ મહારાજે તે બંનેનો પૂર્વભવ આ પ્રમાણે કહ્યો : “ આ જ નગરમાં બે મિત્રો રહેતા હતા. એક મિત્રને સ્ત્રી તથા એક પુત્ર હતો. સ્ત્રી ભોળા સ્વભાવવાળી હતી. એ મિત્રને ધન કમાવા પરદેશ જવું હતું, પોતાની સ્ત્રી ભોળા સ્વભાવવાળી હોવાથી તે મિત્રે પરદેશ જતાં પહેલાં પોતાની પાસે જે સુવર્ણ-ધન હતું તે પુત્રને કહીને પોતાનો મિત્ર જેનું નામ નાગિલ હતું તેને ઘેર તેની જ સ્ત્રી નાગિલાને સાક્ષી રાખીને સોંપ્યું. પછી તે મિત્ર ધન કમાવાને પરદેશ ગયો. ત્યાં ધન કમાઇને તે પોતાના દેશમાં આવતો હતો ત્યારે રસ્તામાં તેને ચોર મળ્યા. ચોરોએ તેની પાસેનું ધન લૂંટી લઇને તેને મારી નાખ્યો. તેની સ્ત્રીએ તથા પુત્રે આ વાત જ્યારે સાંભળી ત્યારે તેમણે ઘણો શોક કર્યો; પરંતુ શોક કરવાથી મરેલું માણસ પાછું આવતું નથી.

કેટલાક દિવસો ગયા પછી મા અને પુત્ર નાગિલ શેઠની પાસે આવ્યા, અને પોતાની થાપણની માંગણી

કરી, ત્યારે નાગિલ શેઠે કહ્યું: "કોની પાસે થાપણ મૂકી છે? કોણે રાખી છે? કોણે આપી છે? કોણ સાક્ષી છે? હું કાંઇ જાણતો નથી."

મા એ તથા પુત્રે નાગિલ શેઠને પોતાની થાપણ આપી દેવા ઘણી ઘણી વિનવણી કરી; પરંતુ જેની દાનત સાફ નથી તેની આગળ વિનવણી શા કામની?

આખરે મા તથા દીકરાએ રાજા પાસે જઇને નાગિલ શેઠની સામે ફરિયાદ કરી; એટલે રાજાએ નાગિલ શેઠને બોલાવીને કહ્યું: "હે શેઠ! તમારે ઘેર આમની થાપણ મૂકેલી છે તે એમને પાછી આપી દો."

શેઠે કહ્યું: "મારે ત્યાં એમની કોઇ થાપણ નથી, તો તેમને ક્યાંથી આપું?"

રાજાએ મા દીકરાને પૂછ્યું: "તમે આ બાબતને કોઇ સાક્ષી લાવો." તે વખતે પુત્રે કહ્યું: "આ બાબતમાં નાગિલ શેઠની ભાર્યા નાગિલા સાક્ષી છે, તેના સિવાય બીજું કોઈ સાક્ષી નથી."

આ હકીકત સાંભળી રાજાએ નાગિલાને બોલાવીને પૂછ્યું: "તું સાચું કહે આમની થાપણ તારા પતિ પાસે મૂકેલી છે કે નહિ?"

રાજાનું કહેવું સાંભળીને નાગિલા વિચારવા લાગી: "હવે મારે શું કરવું? એક તરફ નદી છે અને એક તરફ વાઘ છે? મારે કયા રસ્તે જવું?"

ઉત્તમ સ્ત્રીએ સદા પતિને અનુસરવું જોઇએ, અને બીજી બાજુ સત્ય વચન લોપાઈ જાય છે, તેથી આ ભવ અને પરભવ બન્ને ભવ બગડે છે. માટે આખરે તેણે નક્કી કર્યું, કે 'જે થવાનું હોય તે થાય પણ મારે સત્ય હકીકત કહેવી; અમૃત પીવાથી કદી મરણ થતું નથી.' આથી નાગિલાએ કહ્યું, "હે મહારાજા! થાપણ મૂકયાની વાત સાચી છે."

રાજા નાગિલાની સત્ય વાણીથી ઘણો રાજી થયો અને નાગિલાનું રાજાએ વસ્ત્ર આભુષણ વગેરે આપીને સન્માન કર્યું. પછી શેઠને કહ્યું: "તમે થાપણ આપી દો." નિરૂપાય બનેલા શેઠે થાપણ મા દીકરાને સોંપી દીધી, તે પછી રાજા શેઠ ઉપર ઘણો ગુસ્સે થઇને સજા કરવાને તૈયાર થયો, ત્યારે નાગિલાએ રાજાને વિનંતી કરીને શેઠને છોડાવ્યો. નાગિલાની નગરમાં સત્યવાદિની તરીકે ઘણી જ પ્રસિધ્ધિ થઈ.

એકવાર નગરશેઠને ઘેર એક મુનિરાજ વહોરવા પધાર્યા. તે વખતે નાગિલાએ મુનિરાજને ભાવપૂર્વક શુદ્ધ અન્નદાન દઇને પૂણ્ય કર્મ બાંધ્યું. ત્યારપછી કાલક્રમે આયુષ્ય પૂર્ણ કરીને તે નાગિલાનો જીવ તે તમે પદ્મ શેઠ થયા, નાગિલ શેઠ પણ માયા વડે આયુષ્ય પુરું કરીને મરીને આ તમારી પદ્મિની

નામની ભાર્યા થઈ. પૂર્વભવમાં અસત્ય વચન બોલવાથી તે મુખ-રોગવાળી અને કર્કશ સ્વરવાળી થઈ.'

આ પ્રમાણે શ્રુતકેવલી ભગવંત પાસેથી પોતાનો પૂર્વભવ સાંભળી તે પદ્મ શેઠ અને તેમની સ્ત્રી પદ્મિની વૈરાગ્યવાળાં થયાં, ને તે બન્નેએ દીક્ષા લીધી. શુદ્ધપણે દીક્ષાનું પાલન કરી અને અનશનને કરીને આઠે કર્મોને ખપાવીને તે બંને મોક્ષે ગયાં.

અહીં કહેવાનો સાર એ છે કે જૂઠું વચન બોલવું નહિ અને કપટભાવ રાખવો નહિ. કપટ કરવાથી, અસત્ય વચન બોલવાથી, નાગિલ શેઠ સ્ત્રીનો ભવ પામ્યો અને બીજા ભવમાં મુખના રોગવાળી સ્ત્રી થઈ, અને નાગિલા સત્ય વચન બોલવાથી અને સરલતાથી વર્તવાને લીધે સ્ત્રીમાંથી પુરુષનો ભવ પામી.

દરેક મનુષ્યે કપટ ભાવનો ત્યાગ કરવો જોઇએ. આપણે કોઈ કપટ કરીને છેતરી જાત તો આપણને કેવું લાગે? માટે જેવું આપણને માઠું લાગે તેમ બીજાને પણ માઠું લાગે તેમ ન કરવું જોઇએ.



# વાર્તા ત્રીજી

## ગોત્રાસની વાર્તા

પ્રાચીન કાળમાં વણિકગ્રામમાં મિત્રપ્રભ નામનો ન્યાયપ્રિય રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને શ્રીદેવી નામની પટરાણી હતી. એક વાર પૃથ્વીને પાવન કરતા શ્રીવર્ધમાન સ્વામી ત્યાં પધાર્યા. તેમણે ભવ્ય જીવોની આગળ ધર્મોપદેશ કર્યો. તે સાંભળીને આખી સભા ખૂબ આનંદ પામી. દેશના પૂરી થયા પછી પ્રભુના પ્રથમ શિષ્ય શ્રીગૌતમસ્વામીજી ગણધર મહારાજે ગોચરી માટે નીકળવાની તૈયારી કરી. શ્રીગૌતમ સ્વામીજી સાત હાથ શરીરના પ્રમાણવાળા હતા, મહાલબ્ધિવાળા હતા અને [૧]છઠ્ઠને પારણે છઠ્ઠ કરતા હતા. પ્રભુ પાસેથી ગોચરી માટે આદેશ મેળવી, આ પાત્રાં પડિલેહ્યાં. પછી ગોચરીનો અવસર થયો ત્યારે વણિકગ્રામમાં ગોચરી માટે નીકળ્યા.

---

૧. બે દિવસ નકોરો ઉપવાસ અને ત્રીજે દિવસે ખાવું, તે પછી પાછા બે ઉપવાસ અને ત્રીજે ખાવું, તેઓ આવું તપ કાયમ કરતા હતા.



ચૌટા વચ્ચે હાથ પગના પંજા કાપેલા મનુષ્યને જોયું.

રસ્તે જતા તેમણે એક પુરૂષને જોયો, જે ચૌટાના માર્ગમાં પડેલો હતો, રાજપુરૂષો તેને વીંટાઈ વળ્યા હતા અને તેને મજબૂત રીતે બાંધવામાં આવ્યો હતો. તેના બંને હાથના અને બંને પગના પંજા કાપી નાખેલા હતા. આથી ઘણો દુઃખી થતો. આવા પ્રકારના તેને જોઇને શ્રીગૌતમસ્વામીજી, 'આ કોઈ મોટા પાપનું ફળ છે.' એવું જાણીને વૈરાગ્ય ભાવનાને ભાવતા ગોચરી લઇને પ્રભુની પાસે આવ્યા. ઇરિયાવહી પડિક્કમીને પ્રભુને ગોચરી બતાવીને પૂછ્યું: 'હે ભગવન્! એ પુરુષ કયા કર્મને લીધે મહાદુઃખી થયો છે?'


જવાબમાં પ્રભુએ કહ્યું: "હે ગૌતમ! તું એનો પૂર્વભવ સાંભળ:

"હસ્તિનાપુર નામનું એક નગર હતું. ત્યાં સુનંદ નામનો રાજા હતો. તે ગામમાં ગાયોની એક (વાડો)

ગમાણુ હતો. તે વાડામાં સંધ્યા સમય પછી ગાયો સુખે રહેતી હતી, તે વાડામાં ભીમ નામનો એક માણસ રહેતો હતો. તેને ઉત્પલા નામની ભાર્યા હતી, તેને એક પુત્ર હતો. અને તે દુષ્ટ બુદ્ધિવાળો, નિર્દય, પાપી અને જીવોનો ઘાત કરનારો હતો.

એકવાર રાત્રિમાં જ્યારે વાડાના ચોકીદારો ઉંઘી ગયા હતા ત્યારે તે છોકરો ઊઠયો. તેણે એક છરી હાથમાં લીધી. વાડામાં જઇને તે કોઈક ગાયનાં પૂછડાં, કોઈક ગાયના નાક, કોઇક ગાયના હોઠ, કોઈકની જીભ વગેરે કાપી નાખ્યાં.

લોકો તેને વારતા પણ તે અડપલાં કર્યા કરતો તેથી તેનું નામ ગોત્રાસ પડયું. અને તેને ગોત્રાસ નામે બોલાવતા. આ પ્રમાણે તેણે પાપ કરતા કરતા પોતાનું પાંચસો વર્ષનું આયુષ્ય પુરૂં કર્યું, તે મહા પાપને લીધે મરીને બીજી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો. પરમાધામીઓ તેને તેના પાપના ફલ આપતા હતા.


(નારકી અને પરમાધામી)

તે બીજી નારકીમાં ઉપજેલો. ગોત્રાસનો જીવ ઘણાં દુઃખે નારકીનું આયુષ્ય પુરૂં કરીને આ જ નગરમાં સુભદ્ર નામે શેઠની સુમિત્રા નામની ભાર્યાની કૂખે પુત્રપણે ઉત્પન્ન થયો. આ સુમિત્રાના પુત્રો જન્મતાં જ મરણ પામતા હતા. તેથી આ પુત્ર જન્મ્યો ત્યારે તેણે પ્રથમ ઉકરડામાં નખાવ્યો. ત્યારપછી ફરીથી તેને ગ્રહણ કરીને તેનું 'ઉજ્ઝિત' એવું નામ પાડયું. દિને દિને વૃદ્ધિ પામતો તે ઉજ્ઝિત યુવાસ્થાને પામ્યો.

એક વાર તે ઉજ્ઝિતનો પિતા સુભદ્ર શેઠ ધન કમાવાને માટે કરિયાણાંથી વહાણ ભરીને સમુદ્રમાર્ગે ચાલ્યો. નસીબ યોગે સમુદ્રમાં પવનના અત્યંત તોફાનથી તે વહાણ સમુદ્રમાં ભાંગીને ડુબી ગયું. તેથી તે સુભદ્ર શેઠપણ તેમાં ડુબીને મરણ પામીને દેવપણે ઉત્પન્ન થયો. શેઠના મરણની વાત સાંભળીને સુમિત્રા પણ અત્યંત શોકને લીધે મરણ પામી.

તે ઉજ્ઝિત મોટો થયો ત્યારે મહાપાપી અને દુરાચારી થયો, તેથી તેના કુટુંબીજનોએ તેને ઘરમાંથી કાઢી મૂકયો. દિવસો જતા તે ઉજ્ઝિત સાત વ્યસનને સેવનારો મહા અનર્થને કરનારો થયો.

હવે તે નગરમાં એક કામધ્વજા અતિ રૂપવાળી વેશ્યા હતી. તે કામધ્વજા ઘણા દેશની ભાષા જાણનારી અને ચતુર હતી. સુનંદ રાજાની તે

પ્રેમપાત્ર હતી. એક વાર તે કામધ્વજાને જોઇને તેના રૂપથી મોહિત થઈને તે તેના ઘરમાં પેઠો. રાજાના માણસોએ તેને કામધ્વજાના ઘરમાં પ્રવેશ કરતો જોયો. તેથી રાજપુરુષોએ તે ઘરમાં જઇને, પછી તેને બાંધીને રાજાની આગળ લઈ ગયા. તેને જોઈને રાજા ઘણો ગુસ્સે થયો. રાજાના આદેશથી રાજપુરૂષો-એ તેને ખૂબ રીબાવી રીબાવીને મારી નાખ્યો. મરણ પામીને તે ઉજ્જિત રત્નપ્રભા નામની પહેલી નારકીમાં ઉત્પન્ન થયો. ત્યાં દુઃખપૂર્વક પોતાનું આયુષ્ય પૂરૂં કરીને તે ગોત્રાસનો જીવ અહીં નપુંસકપણે ઉત્પન્ન થયો છે. પૂર્વભવમાં તેણે ગાયોના અવયવો છેદીને ઘણાં પાપકર્મો બાંધ્યાં હતાં. તેથી અહીં તેના હાથપગ કપાયા છે. આ કારણથી સજ્જન લોકોએ નિર્લાંછન કર્મ કરવું જોઇએ નહિ.

"ઘોડા બળદ, સમારિયા, કીધા જીવ વિણાસ,
પુણ્ય વિહુણો જીવ તે, પામે નરક નિવાસ."

આપણે યાદ રાખી લેવું જોઇએ કે નાના કે મોટા ગમે તે જીવની હત્યા કરવી એ પાપ છે. જે જીવની હત્યા કરીએ, તે જીવ અવસર આવ્યે આપણને માર્યા વગર રહેતા નથી.

"જેવું કરો તેવું પામો."

## વાર્તા ચોથી

# શિવકુમારની વાર્તા

શિવકુમાર અને યજ્ઞદત્તની કથા—ઉજ્જયિની નામની પ્રસિદ્ધ નગરી હતી. તે નગરીમાં સમુદ્રદત્ત નામે એક શેઠ રહેતો હતો. તે શેઠને ધારિણી નામની ભાર્યા હતી. તેમને શિવકુમાર નામનો એક પુત્ર હતો. ને યજ્ઞદત્ત નામનો એક ઘરકામ કરવા માટે નોકર હતો. શિવકુમાર ધીમે ધીમે મોટો થવા લાગ્યો. માતા-પિતા પુત્રને જોઇને રાજી રાજી થતાં અને આનંદમાં તેમનાં દિવસો પસાર કરતાં.

હવે એક વાર તે સમુદ્રદત્તને ભયંકર રોગ થયો. ઘણા ઉપાયો કર્યા છતાં અંતે તે સમુદ્રદત્ત મરણ પામ્યો. આયુષ્ય આવી રહે ત્યાં કોઈ ઉપાય કામ લાગતો નથી. આ વખતે શિવકુમાર યુવાવસ્થામાં આવ્યો હતો. શિવકુમારે પોતાના પિતાનું મરણ કારજ કર્યું.

ધારિણી આ વખતે ભરયુવાવસ્થામાં હતી. આ અવસ્થામાં તે વિધવા થઈ. યજ્ઞદત્ત જે ઘરનું કામકાજ સંભાળતો તે પણ યુવાન અને દેખાવડો

હતો. આવા સંયોગોમાં કોઈ અશુભ કર્મના યોગે તે ધારિણીને યજ્ઞદત્ત ઉપર રાગ ઉત્પન્ન થયો. તેથી તે બંનેને પરસ્પર પ્રીતિ થઈ. કામને વશ થયેલા જીવોને પોતાની અવસ્થાનું કાંઇ ભાન હોતું નથી. લોકોમાં આ વાત પ્રસિદ્ધ હતી તેમની ઘણી નિંદા થવાલાગી; પરંતુ તેમણે આ બાબતમાં કાંઈ જ ધ્યાન ન આપ્યું, સાચે જ કહ્યું છે, કામાંધને ભય કે લજ્જા હોતા નથી.'

શિવકુમારે પણ લોકો પાસેથી માતાના દુરાચારની વાર્તા જાણી. આ જાણીને તેને ઘણો દુઃખ થયો. તેણે પોતાની માતાને આ વાતનો સહજમાં ઈશારો કરીને 'આ કાર્યથી પોતાની લોકોમાં નિંદા થાય છે' વગેરે કહ્યું, પણ ધારિણીએ આ વાત લક્ષમાં ન લીધી.

ધારિણીએ વિચાર્યું: 'શિવકુમાર જીવતો હશે તો તે મારા સુખમાં અડચણ કર્યા વિના રહેશે નહિ, માટે કોઈપણ રીતે શિવકુમારને દૂર કરવો જોઇએ.' વિષય વાસનાને વશ થયેલાઓને કાર્યાકાર્યનું ભાન રહેતું નથી. માતા હોવા છતાં પુત્રને પણ મારવાનો વિચાર કરવા લાગી, કામાંધ જીવો શું ન કરે ?

એક દિવસ રાત્રિએ ધારિણીએ એકાંતમાં યજ્ઞદત્તને કહ્યું : ' આપણી હકીકત શિવકુમાર જાણી

ગયો છે, માટે જેમ સૂર્ય કુમુદવનનો નાશ કરે છે, નદીનો પ્રવાહ તેના કાંઠાનો નાશ કરે છે અને દાવાનલ વનનો નાશ કરે છે, તેમ આ શિવકુમાર મને અને તને માર્યા સિવાય રહેશે નહિ, માટે કોઇ પણ ઉપાયે શિવકુમારને તારે મારવો જોઇએ.'

યજ્ઞદત્તે કહ્યું: "હે ધારિણી! આ શિવકુમાર મારો શેઠ છે અને તારો પુત્ર છે, એની કૃપાથી હું સુખી થયો છું માટે હું તેને કેવી રીતે મારી શકું ?"

"અરે મૂર્ખા આ શિવકુમારને તારે મારવો જ પડશે. એના મૃત્યુથી આપણે નિરાંતે સુખ ભોગવી શકીશું."

યજ્ઞદત્તે કહ્યું: "શિવકુમારને મારવાનું કાર્ય જગતમાં ઘણી નિંદાને પાત્ર થશે, સ્વામીદ્રોહ કર્યાનું મોટું પાપ હું કેવી રીતે કરું ?"

નોકર હોવા છતાં જે કાર્ય કરવાનું તેને યોગ્ય લાગતું નથી તે પોતાના જ પુત્રને મારવાનું કાર્ય એક માતા તેની પાસે પરાણે કરાવવા માગે છે, વિષયાંધ માણસ શું ન કરે ? ને યજ્ઞદત્ત પણ ધારિણીમાં લુબ્ધ થયેલો હતો એટલે તેને પણ આખરે હા પાડવી પડી.

શિવકુમારને કેવી રીતે મારવો તે બંને જણે નકકી કર્યું; પછી એકવાર ધારિણીએ શિવકુમારને

બોલાવીને કહ્યું : "હે પુત્ર ! આપણી ગાયો ચારનાર ગોવાલવનમાં ગાયોને બરાબર ચરાવતો નથી અને તેમનું સારી રીતે રક્ષણ કરતો નથી, માટે આપણી ગૌશાળામાં જઈ તારે તપાસ કરવી જોઈએ. વળી તારે તેનો વિશ્વાસ કરવો નહિ. કદાચ તે તને મારશે, માટે આજે તું હથિયાર લઇને ગૌશાળામાં જજે અને ગાયોને સંભાળજે, યજ્ઞદત્તને પણ સાથે લેતો જ જે." પુત્રે માતાને કહ્યું : "સારું માતા."

માતાની આ આજ્ઞાથી શિવકુમાર ગોવાલની પાસે ગૌશાળા એ ગયો, તેણે વિચાર્યું : 'ગોવાલ તો ગાયોનું બરાબર રક્ષણ કરે છે, પરંતુ મેં માતાને યજ્ઞદત્તનો ત્યાગ કરવા માટે કહ્યું છે ત્યારથી હું તેને અળખામણો થઈ પડયો છું અને તે મને કોઈ રીતે દૂર કરવા માગે છે માટે જ તેણે મને આ પ્રમાણે કહ્યું લાગે છે.'

શિવકુમારે ગોવાલને માતાની હકીકત જણાવીને કહ્યું : "હે ગોવાલ ! તારે મારૂ રક્ષણ કરવું." ગોવાલે પણ તે વાત કબૂલ કરી અને પ્રસંગ આવે તેની પાસેના શસ્ત્રનો ઉપયોગ કરવા માટે કહ્યું, પછી બંને ગાયોને ચરાવવા માટે વનમાં ગયા. યજ્ઞદત્ત પણ ગયો. ગોવાલે ગાયોના વાડામાં જઇને તપાસ કરી શિવકુમારે કહ્યું. આજની રાત અમે બન્ને અહિં જ રહેવાના છીએ. ગોવાલે શિવકુમાર

તથા યજ્ઞદત્ત માટે બે પથારીઓ તૈયાર કરી. પછી તે બંને આવીને પથારીમાં માથે ઓઢીને સૂતા.

એક-બે ઘડી રાત્રિ વીતી હશે ત્યારે શિવકુમાર ધીમે રહીને પોતાની પથારીમાંથી ઊઠયો ને પોતાની પથારીમાં કોઈ સૂતેલું છે તેવું દેખાય તેવી રીતે વસ્ત્ર વિંટાળીને ગાયોના ટોળામાં જઇને શું થાય છે તે સંતાઇને જોઇ રહ્યો. યજ્ઞદત્ત પણ રાત્રિ જામવાની રાહ જોતો મોઢે ઓઢીને જાગતો સૂઈ રહેલો હતો તે હવે વખત થયો છે એમ જાણીને છાનોમાનો પોતાની પથારીમાંથી ઊઠયો. શિવકુમાર ઊંઘે છે એમ જાણીને પાસે પડેલા ખડગને ઉપાડીને શિવકુમારની પથારી પર તેણે ઘા કર્યો.




શિવકુમાર યજ્ઞદતને મારે છે.

ગાયોના ટોળામાં રહેલો શિવકુમાર યજ્ઞદત્તની હીલ-ચાલ જોઈ રહ્યો હતો, તે યજ્ઞદત્ત જ્યારે પોતાની પથારી ઉપર ઘા કરી ચૂકયો, તે વખતે પોતાની તરવાર મ્યાનમાંથી કાઢતો તરત જ ત્યાં આવી પહોંચ્યો અને યજ્ઞદત્તને તલવારના એક

ઝટકાથી મારી નાખ્યો. ત્યાર પછી શિવકુમારે 'ચોર ચોર' એ પ્રમાણે મોટેથી બુમો પાડીને કહ્યું: "અરે, ચોરે આ યજ્ઞદત્તને મારી નાખ્યો."

સવાર પડયું એટલે ધારિણી આનંદથી યજ્ઞદત્તના આવવાની ઘેર રાહ જોઈ રહી છે. હવે આજે શિવકુમારનો કાંટો વચમાંથી દૂર થઇ જશે અને પોતે યજ્ઞદત્ત સાથે સુખપૂર્વક રહેશે એવાં સ્વપ્નો સેવી રહી છે; તેવામાં શિવકુમાર ઘેર આવ્યો. શિવકુમારને ઘેર આવેલો જોતાં જ ધારિણી અંદરથી ઘણી શોકાતુર થઈ પણ બહારથી પોતાના ભાવને છુપાવીને બોલી: "હે પુત્ર! તું આવ્યો! યજ્ઞદત્ત ક્યાં છે? તે કેમ આવ્યો નથી?"

શિવકુમારે કહ્યું: "તે મારી પાછળ આવે છે." બોલતાં તેણે વિચાર્યું: 'અહો! કર્મ વિપાક કેવો વિચિત્ર છે? સગી માતા પણ સ્વાર્થને લીધે પોતાનાજ પુત્રને મારવાને ઇચ્છે છે.'



ધારિણી પોતાના પુત્રને મારે છે.

આખો દિવસ પસાર થઈ ગયો પરંતુ યજ્ઞદત્ત ઘરે આવ્યો નહિ જીવતો હોય તો આવે ને! રાત્રિ

પછી એટલે શિવકુમાર ઊંઘી ગયો. તે વખતે ધારિણીએ પોતાનીપ થારીમાંથી ઊઠી. શિવકુમારની તલવાર મ્યાનમાંથી કાઢીને જોઈ, તો તે લોહીવાળી જોઇને વિચાર્યું : 'નક્કી આણે જ યજ્ઞદત્તને માર્યો લાગે છે. માટે હું એને મારું.'

આ પ્રમાણે નિશ્ચય કરીને ધારિણીએ તે જ તરવાર વડે ઊંઘતા શિવકુમારને મારી નાખ્યો.

તે વખતે ત્યાં ઘરમાં રહેલી શિવકુમારની ધાવ-માતાએ ધારિણીને આ કાર્ય કરતા જોઈ, તેથી તે ધારિણી ઉપર ઘણી કોપાયમાન થઈ. ત્યાં જ પડેલું એક સાંબેલુ લઇને તેણે ધારિણીને માર્યું. ધારિણીએ પણ તે ધાવને મારી. આ પ્રમાણે તે બંને ધારિણી અને ધાવમાતા મરણ પામ્યાં. આવી રીતે ચારે જણ અતિ નિર્દયપણે મહાપાપથી મરીને પરભવમાં અલ્પ આયુષ્યવાળાં થયાં.

આ વાત સમજીને ઉત્તમ જીવોએ કોઈ જીવની હિંસા કરવી જોઇએ નહિ. કોઇપણ જીવની હિંસા કરવાની ભારતના દરેક ધર્મો મનાઈ કરે છે. જો બીજા પ્રાણીઓને આપણે દુ:ખી કરીશું તો આપણે પણ દુ:ખી થઈશું. એ કુદરતનો અટલ ઇન્સાફ છે.

# વાર્તા પાંચમી

## વેશ ભજવી જાણ્યો ! !

એંશી વર્ષના મહાયોદ્ધા ઉદયન ગુજરાતનો મંત્રી મૃત્યુશય્યા પર પોઢયા છે. એમણે સૌરાષ્ટ્ર પર કપરો વિજય મેળવ્યો, પણ દેહ અનેક 'ઘા'થી જર્જરિત થયો છે.

પરલોકમાં વિદાય વેળાએ એમને ગુરૂદર્શનની વ્યાસ જાગી છે, એમને કહ્યું, "મને એકજ ઈચ્છા છે, પ્રભુનું નામ સંભળાવનાર કોઈ ત્યાગી મુનિરાજના સાનિધ્યમાં મારો દેહ છોડું"

આ યુદ્ધભૂમિમાં ત્યાગી સાધુ ક્યાંથી ? રણ મેદાનમાં એક બહુરૂપીનો વેશ ભજવનાર તરગાળો મળી આવ્યો. મંત્રીશ્વરના આપ્તજનોએ તેની સાથે વાતચિત્ત કરીને વેશ પહેરાવી લાવ્યા. એણે સાધુ મહારાજનો વેશ પહેરી દૂર રહે રહે "ધર્મલાભ" નો આશિર્વાદ ઉચ્ચાર્યો :



મહામંત્રી ઉદયન સાધુને દૂરથી જોતાં જ ભાવવિભોર થઈ ગયા. પથારીમાંથી અર્ધા બેઠા થઈ ગયા. અને ખૂબ ભાવથી સાધુજીને નમી નમીને નમસ્કાર કર્યા, ચરણરજ માથે લીધી. પહેલા એ "નમો અરિહંતાણં" સંભાળ્યું. મંત્રીશ્વરે છેલ્લું શરણ લીધું." અરિહંતે શરણં પવજ્જામિ" પ્રસંન ચિત્તે મહામંત્રીએ પ્રભુનું નામ જપતાં મૃત્યુંને ભેટ્યા.

એ પછી રાજ્ય તરફથી બહુરૂપી તરગાળાને સારૂં ઇનામ આપવા માંડ્યું, ત્યારે તેનો અસ્વીકાર કરતાં કહ્યું, "ના દ્રવ્ય ન ખપે. જે વેશના દર્શનથી મહામંત્રી જેવા મહામાનવનું જે વેશના યોગે મરણ સુધર્યું, છે વેશના ચરણમાં મહામંત્રી જેવા પણ નમે-વંદે એવો પાવનકારી વેશ મળવા છતાં પણ હું છોડુ નો મારા જેવો અભાગી કોણ ! હવે તો હું કોઈ જ્ઞાની ગુરૂદેવના શરણમાં જઈ, ચારિત્ર પાળી મારા જીવનને ધન્ય બનાવીશ.

" અરિહંતે શરણં પવજ્જામિ "

શ્રી નેમિ અમૃત-ખાન્તિ નિરંજન ગ્રંથમાલા
ના સચિત્ર પુસ્તકો સૌને હોંશે હોંશે વાંચવા ગમે
તેવા, મનોહર ચિત્રો અને મોટા ટાઈપ
અને સરળ બોધક શૈલીમાં લખાયેલા.

૧ સંવત પ્રવર્ત્તક મહારાજા "વિક્રમ ચરિત્ર"
લગભગ ૧૦૦ ચિત્ર સહિત ૭૦૦ પાનાનું પુસ્તક
કિં. રૂા. ૨૦-૦૦

૨ સચિત્ર શ્રી 'ગૌતમ પૃચ્છા' ગુજરાતીમાં ૧૦૦
જેટલા મનોહર ચિત્રો, ૩૫ રોચક અને બોધક
કથાઓ સહિત પાના ૪૦૦ કિંમત રૂા. ૧૫-૦૦

૩ સચિત્ર મહારાજા શુકરાજ 'શત્રુંજય' નામ શાથી
થયું, શત્રુંજય મહીમા દર્શક ૧૯ ચિત્રો સહિત
રોમાંચ વાર્તા પાના ૧૫૦ કિંમત રૂા. ૫-૦૦

૪ જ્ઞાન પાંચમનો મહિમા યાને વરદત્ત ગુણમંજરી
સુંદર ૯ ચિત્રો સહિત બોધદાયક અને પ્રેરક બે
જીવન કથા પેજ ૫૨ કિંમત રૂા. ૧-૫૦

૫ મૌન એકાદશીનો મહિમા અને સુવ્રત શેઠ,
ટુંકમાં નેમિનાથ ચરિત્ર અને સુવ્રત શેઠનું ચરિત્ર
મનોહર ૧૪ ચિત્રો પેજ ૭૨ કિંમત રૂા. ૧-૫૦

૬ શ્રી રોહિણી તપનો મહિમા દર્શક બોધક કથા
મનોહર ૧૦ ચિત્રો. પાના ૬૪ કિંમત રૂા. ૧-૫૦

(પાછળ વાંચો)

૭ મંગલ કળશ સચિત્ર ધર્મ આરાધનાના મહિમા ઉપર બોધક રોમાંચ શૈલીમાં ચિત્રો ૧૪ સાથે પાના ૫૪ સૌને વાંચીને સમજવા જેવી કિં. રૂ. ૧-૫૦

૮ **પાંડવોને પ્રતિબોધ અને પાંચ અદ્ભુત દશ્યો**
કલિકાલના ભાવને દર્શાવનારના ટુંકા પાંચ દ્દષ્ટાંતો સમજવા લાયક પાના ૩૬ કિંમત રૂ. ૧-૦૦

૯ **પુણિયો શ્રાવક અણમોલ સામયિક** અને જૈન શાસનમાં પ્રસિદ્ધ પુણિયા શ્રાવકની બોધક શૈલીમાં કથા ચિત્રો ૬ પાના ૩૨ કિં. રૂ. ૧-૦૦

૧૦ **હેમુ-વિક્રમાદિત્ય સચિત્ર** કિં. રૂ. ૦-૮૦

૧૧ **સામાયિકનો મહિમા સચિત્ર** કિં. રૂ. ૦-૮૦

૧૨ **કઠિયારા મુનિવર સચિત્ર** કિં. રૂ. ૦-૮૦

પ્રાપ્તિસ્થાન :
(૧) **શ્રી શાન્તિ-નિરંજન-ઉત્તમ જૈન જ્ઞાનમંદિર**
ઠે. શેખનો પાડો, ઝવેરીવાડ સામે,
રીલીફરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
(૨) **શ્રી જયેન્દ્રભાઈ રતિલાલ શાહ**
૧૯૯૧, નાગજી ભુદરની પોળ, માંડવીની
માણેકચોક, અમદાવાદ-૩૮૦૦

મુદ્રકઃ-રસુલભાઈ એસ. શેખ : મોડર્ન પ્રિં
ગોલલીમડા, નાદીયાવાડ, જમાલપુર,